## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



અમે આવી ગયા છીએ... અમારા વિધાયકનાં ભાવ પેલી પાર્ટીના વિધાયક જેટલા થાય ત્યાં સુધી કટ્ટર લડત આપીશું...!!!

# શહેરમાં વાયરલના સંખ્યાબંધ કેસો

## કોરોનાના કેસ સાવ ઘટી ગયા છે પરંતુ શરદી, કફ, તાવ જેવા રોગોમાં વધારો

ગાંધીનગર, તા. ૨૮

કોરોનાની બીજી લહેર હળવી થઈ છે ત્યારે હજુ પણ શહેરમાં શરદી, કફ, તાવના દર્દીઓ જોવા મળી રહ્યા છે. જો કે તબીબોના મત અનુસાર વાયરલ ફીવરના દર્દીઓ જ વધુ છે. દરરોજ ઘણા બધા દર્દીઓ વાયરલ ફીવરના આવી રહ્યા છે.

વરસાદ બાદ શહેરમાં વાયરલ ફીવરના દર્દીઓ વધી રહ્યાં છે. કોરોનાની બીજી લહેર હળવી પડતી જાય છે. ગાંધીનગરમાં કોરોનાના કેસો સાવ ઘટી ગયા છે. જો કે ત્રીજી લહેરની આશંકા વચ્ચે શહેરમાં તાવ-શરદીના કેસ આવતા હજુ પણ શહેરમાં આરટીપીસીઆર ટેસ્ટ અને રેપીડ ટેસ્ટ સારી એવી માત્રામાં થઈ રહ્યાં છે. હજુ દરરોજ ૭૦૦ જેટલા કોરોનાના ટેસ્ટ થઈ રહ્યાં છે. પરંતુ તેમાંથી મોટાભાગના ટેસ્ટ નેગેટીવ આવી રહ્યા છે.

જો કે બીજી તરફ કોરોનાની લહેર મંદ પડ્યા બાદ ઋતુજન્ય રોગચાળાનું પ્રમાણ વધ્યુ છે. હાલમાં વરસાદ અને ગરમી બંને ઋતુ ભેગી અનુભવાતી હોવાથી રોગચાળો વધ્યો છે. ગાંધીનગર મનપા દ્વારા રોગચાળા અંગે હાલમાં સર્વે ચાલી રહ્યો છે તેમાં વાયરલ ફીવરના દર્દીઓ વધુ મળી રહ્યા છે. શરદી, ખાંસી, કફ અને તાવના દર્દીઓમાં વધારો થયો છે. કોરોનાના તમામ લક્ષણો ઋતુજન્ય રોગચાળાનાં હોવાથી દર્દીઓ કોરોનાની બીકે ટેસ્ટ કરાવી રહ્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલોમાં ઋતુજન્ય રોગચાળાના દર્દીઓ ખૂબ વધી રહ્યા છે. જો કે સારી વાત એ છે કે કોરોનાના સતત ઘટતા કેસની સાથે જ રસી અંગે જાગૃતિ વધી રહી છે. યુવાનો રસી લેવા માટે સતત આગળ આવી રહ્યા છે. મનપાએ સાવચેતીના તમામ પગલાં લીધા છે.

## ખૂણેખાંચરેથી

- મનપા દ્વારા શિક્ષકોની ભરતી માટેની ઈન્ટરવ્યુ પ્રોસેસ અંગ્રેજીમાં કરવામાં આવી હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની મહિલા બાળ વિકાસ સમિતિની બેઠક ૩૦મીએ મળશે.
- સ્વ. સરસ્વતીબેન સીતારામ પંચોલીના દુઃખદ અવસાનને લઈ આજે યોજાયેલ બેસણામાં આવનાર સ્વજનોને તેમના પરિવારના રાજેશ પંચોલી અને જય પંચોલી દ્વારા તુલસીનો છોડ આપવામાં આવ્યો હતો.
- નિવૃત્ત શિક્ષકોના પડતર પ્રશ્નો અંગે આજે નિવૃત્ત શિક્ષકોના આગેવાનો જિલ્લા શિક્ષણ સમિતિમાં અધિકારીઓને મળી ઝડપથી પ્રશ્નો ઉકેલવા આગ્રહ કર્યો હતો.
- ગાંધીનગર મનપાના નવ નિયુક્ત કમિશનર ડૉ. ધવલ પટેલે આજે ૩ શાખાઓના અધિકારીઓ સાથે વિસ્તૃત બેઠક કરી કામગીરીની સમીક્ષા કરી હતી. આજે પણ શાખાધિકારીઓ સાથેની બેઠકનો દોર ચાલુ રહેશે.
- આગામી ૧૧મી જુલાઈએ યોજાનાર વિશ્વ વસ્તી દિવસની ઉજવણી માટેની તંત્રએ ધીમી ગતિએ કવાયત હાથ ધરી.

## દેલવાડા ગામને ગ્રીન વીલેજ બનાવવાના દૃઢ નિર્ણય સાથે વધુ ૫૧૦ વૃક્ષોનું વાવેતર કરાયું

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના દેલવાડા ગામના ગ્રામજનોની દેલવાડા પર્યાવરણ સમિતિ તથા જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર મેઈનના પર્યાવરણ પ્રેમી, ઉત્સાહી સભ્યો તથા ગામલોકોના આર્થિક સહયોગથી વૃક્ષારોપણનો સુંદર પરિણામલક્ષી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અગાઉ વર્ષ ૨૦૧૯-૨૦૨૦માં અંદાજીત ૨૫૦૦ જેટલા ૮ થી ૧૦ મોટા જુદા જુદા વૃક્ષોની વાવણી દેલવાડા ગામના પાંચ તળાવોની ધાર પર ગામના પાંચ રોડની બંને બાજુએ, ગામના ત્રણ સ્મશાનગૃહ આસપાસ, નવી આનંદવાડીમાં, હાઈસ્કૂલ કેમ્પસમાં તથા ગોચરની ખુલ્લી જગ્યામાં કરવામાં આવેલ અને વૃક્ષોના જતન, પાણી સિંચન માટે ટેન્કરની વ્યવસ્થા, જરૂરી ટ્રોમીંગ કરી વધુમાં વધુ વૃક્ષો સફળ રીતે ઉછરે તેવા પ્રયત્નો કરાયેલ છે. આમ છતાં ૮૦ ટકા જેટલા વૃક્ષોને ઉછેરવામાં સફળતા મળેલ છે. બાકીના ૨૦ ટકા મૃતપાય બનેલ વૃક્ષોની જગ્યાએ તથા બીજા વધારાના વૃક્ષો મળી તા. ૨૬-૬-૨૧ તથા તા. ૨૭-૬-૨૧ ના રોજ નવા કુલ ૫૧૦ વૃક્ષોનુ વાવેતર જેસીબી મશીન ઉપરાંત નવ નવ મજૂરો તથા સિંચાઈ માટે પાણીના ટેન્કરનો ઉપયોગ કરી કરાયેલ છે. જેમાં હાલમાં વડ, જાંબુ, કણજી, ગલતોરો, ગુલમોર, કાસીદા, સીરસ, ગુંદા, શેતુર, ઉંબરો, સપ્તપર્ણી, કરંજીયા, બોરસલી, આંબલી, આસોપાલવ, લીમડા વિગેરેનું વાવેતર કરેલ છે.

## મેડીકલ કોલેજના ઈન્ટર્ન - રેસીડેન્ટ ડોકટર્સને એ.સી. દુર કરવા ડીનની સુચના

### પીજી હોસ્ટેલમાં ૩૮ ડોકટરે રૂમમાં એસી ફીટ કરાવ્યા હતા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં ઈન્ટર્ન અને રેસીડેન્ટ ડોકટર તરીકે ફરજ બજાવતા હોય તે પીજી હોસ્ટેલમાં રહે છે. ત્યારે કોરોનામાં સતત ફરજ બજાવી રહેલા અને ઉનાળાની કાળઝાળ ગરમીનો સામનો કરી રહેલા કોલેજના ઈન્ટર્ન- રેસીડેન્ટ ડોકટરોએ પોતાની રૂમમાં એસી ફીટ કરાવ્યા હતા. ત્યારે મેડીકલ કોલેજના તંત્રના ધ્યાને આવા ૩૮ તબિબો આવી ગયા છે. મેડીકલ કોલેજના ડીને ઈન્ટર્ન-રેસીડેન્ટ ડોકટરોને તાત્કાલીક અસરથી બે દિવસમાં એસી દુર કરવા માટે સુચના આપી છે. જયારે ડોકટર્સ દ્વારા રૂમમાંથી એસી કાઢવામાં નહી આવે તો મેડીકલ કોલેજ તંત્ર દ્વારા ડોકટર પાસેથી રૂમ ખાલી કરાવી દેવામાં આવશે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિલમાં ફરજ બજાવતા ઈન્ટર્ન અને રેસીડેન્ટ ડોકટરોએ પરવાનગી લીધા વિના ગેરકાયદેસર રીતે પોતાના રૂમમાં એસી ફીટ કરાવ્યા હતા. ત્યારે હોસ્ટેલનું વિજબીલ મેડીકલ કોલેજના ખર્ચમાંથી ભરવાનુ હોય છે. ત્યારે છેલ્લા બે માસથી વિજબિલમાં ઘટાડાની જગ્યા એ વધુ આવી રહ્યું હતું. ત્યારે પીજી હોસ્ટેલમાં ઈન્ટર્ન-રેસીડેન્ટ ડોકટર દ્વારા પરવાનગી વિના એસી લગાવ્યા હોવાનું મેડીકલ કોલેજના ડીનના ધ્યાને આવ્યું હતું. જેને પગલે ડીને પીજી હોસ્ટેલમાં રહેતા અને પરવાનગી વિના એસી ફીટ કરાવનાર ઈન્ટર્ન - રેસીડેન્ટ ડોકટરોને મેડીકલ કોલેજના ડીને ૩૮ ડોકટરને લેખિત નોટીસ ફટકારી છે. આ નોટીસમાં એસી તાત્કાલીક અસરથી દુર કરવા માટે સુચના આપી છે. પીજી હોસ્ટેલની રૂમમાંથી એસી નહી નીકળે તો ડોકટર પાસેથી રૂમ ખાલી કરાવી દેવામાં આવશે. જયારે આ અંગેની જાણ જે તે વિભાગના એચઓડીને પણ નામ જોગ કરાઈ છે. ત્યારે આગામી સમયમાં એક સાથે ૩૮ એસી દુર થતા વિજબિલમાં ઘટાડો નોંધાય તેમ લાગી રહ્યું છે.

## નવ ગુજરાત લૉ કોલેજ ખાતે મી ઈન્સ્ટીટ્યુશન મિડિયેશન વિશે કાનૂની શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ અમદાવાદ તથા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટ ગાંધીનગરના ઉપક્રમે નવ ગુજરાત લૉ કોલેજ અને કોમર્સ કોલેજ સે. ૨૮ના સંયુક્ત ઉપક્રમે એક કાનૂની શિબિરનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાનૂની શિબિરમાં પ્રી ઈન્સ્ટીટ્યુશન મિડિયેશન કોમર્શીયલ કોટ એક્ટ-૨૦૧૫ અને તેમાં સુધારો-૨૦૧૮ જે મુજબ દરેક પ્રકારના વ્યાપારી સાહસો, કોમર્શીયલ સંસ્થાઓ તથા સેવાકીય સેક્ટરો વચ્ચેના વિવાદોના સરળ અને સર્વને માન્ય એવા વાટાઘાટો મીટીંગો દ્વારા સુખદ સમાધાન એટલે મધ્યસ્થતા મિડિયેશન જે હવે રૂ. ૩ લાખની રકમ કે તેની ઉપરની રકમના દાવા માટે ફરજિયાત બનાવવામાં આવેલ છે. જે અંગે પેરાલીગલ વૉલન્ટીયર સુધીરભાઈ દેસાઈ દ્વારા શિબિરમાં ઉપસ્થિત ૧૦ જેટલા ફેકલ્ટી મેમ્બર્સને વિસ્તૃત સમજણ આપવામાં આવી.

શિબિરના મુખ્ય મહેમાનો તરીકે લૉ કોલેજના પ્રિન્સિપાલ સ્વાગતભાઈ દેસાઈ તથા કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ ધવલભાઈ રૂડકિયાની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.



આજકાલ બજારોમાં લાલ પીળી ખારેક જોવા મળી રહી છે. ચોમાસાની સીઝનના પ્રારંભે બજારોમાં આવી જતી ખારેક દેખાવમાં તો સુંદર લાગે જ છે પરંતુ તેના ફાયદાઓ ખૂબ છે. આ સીઝનમાં ખારેક ખાવી ખૂબ જ ફાયદાકારક બની રહે છે. ખારેક મીનરલ્સનો ખજાનો છે. વીટામીન એ, સી, ઈ અને બી કોમ્પલેક્સ પુષ્કળ માત્રામાં મળે છે. આર્યનનો ખજાનો છે ખારેક. જે વ્યક્તિને ખૂબ થાક લાગતો હોય તેમના માટે ખારેક બેસ્ટ છે. સીઝનમાં મળતી ખારેક ખાવાથી કોલેસ્ટ્રોલનું પ્રમાણ નિયંત્રિત થાય છે. વેઈટલોસ માટે પણ તે ખૂબ ઉપયોગી છે. ખારેકના અઢળક ફાયદા હોવાથી તેની ખરીદી ખૂબ થઈ રહી છે.

## રિપીટર વિદ્યાર્થીની પરીક્ષા રદ કરવા વાલી કોર્ટમાં જશે

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ ના રિપીટર, ખાનગી અને પૃથ્થક વિદ્યાર્થીઓની પરીક્ષા જુલાઈમાં યોજવામાં આવી રહી છે. ત્યારે આ મામલે રિપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા રદ કરવા વાલી મંડળ દ્વારા કોર્ટનો દરવાજો ખખડાવવામાં આવશે. ધોરણ ૧૦ અને ૧૨ના રિપીટર, ખાનગી અને પૃથ્થક વિદ્યાર્થીઓની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરાયો છે. ધોરણ ૧૦ અને ૧૨ના રીપીટર, ખાનગી અને પૃથ્થક ઉમેદવારોની પરીક્ષા જુલાઈમાં યોજાશે. ૧૫ જુલાઈથી ૨૮ જુલાઈ દરમિયાન પરીક્ષા યોજાશે. પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ બોર્ડ દ્વારા જાહેર કરાયો છે. ત્યારે રિપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા રદ કરવા વાલી મંડળ કોર્ટના દ્વાર ખખડાવશે. ધોરણ ૧૦ અને ૧૨ના રિપીટર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવા વાલી મંડળ પિટિશન કરશે. ધોરણ ૧૦ અને ૧૨ ના રિપીટર, ખાનગી અને પૃથ્થક વિદ્યાર્થીઓની પરીક્ષા ૧૫ જુલાઈથી ૨૮ જુલાઈ દરમિયાન લેવાનાર છે. નિયમિત વિદ્યાર્થીઓને કોરોના મહામારીના કારણે માસ પ્રમોશન અપાયુંછે. ત્યારે રિપીટર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન મળવું જોઈએ એવી માંગણી થઈ રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા સીબીએસઈના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાની જાહેરાત કરાઈ છે એવામાં ગુજરાત બોર્ડ દ્વારા પરીક્ષાનું આયોજન કરાતા વાલી મંડળ દ્વારા વિરોધ કરાઈ રહ્યો છે. આ સિવાય ચાલુ શૈક્ષણિક વર્ષે કોરોના મહામારીને કારણે ફીમાં ૫૦ ટકાની વાલીઓને રાહત આપવામાં આવે એવી માગ સાથે પણ વાલી મંડળ પીઆઈએલ કરશે.

## ચરાડા પાસેથી ચોરીના બાઈક સાથે શખ્સને એલસીબી પોલીસે ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૨૮

ચરાડા ચોકડી નજીક ધમેડા માર્ગ પરથી ચોરીના બાઈક સાથે એક શખ્સને એલસીબી પોલીસે ઝડપી પાડ્યો હતો. મહેસાણા પોલીસ મથક વિસ્તારમાંથી ચાર વર્ષ અગાઉ બાઈક ચોરી થયું હતું. પોલીસે રૂ.૧૫ હજારનું બાઈક રીકવર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ડી.એસ.રાઓલ સહિત ટીમના સભ્યો માણસા વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા. તે સમયે સાથે રહેલા હેડ કોન્સ્ટેબલ ભવાનસિંહ પૃથ્વીસિંહને બાતમી મળી હતી કે ચરાડા ચોકડી થી ધમેડા તરફ જતા માર્ગ પર રામાપીરના મંદિર પાસે એક શખ્સ ચોરીનું વાદળી કલરના હીરો હોન્ડા બાઈક સાથે ઉભો છે જે શંકાસ્પદ છે. જેથી એલસીબી ટીમ તાત્કાલીક બાતમીવાળી જગ્યા પર પહોંચી ગઈ હતી. નંબર વિનાના સ્પ્લેન્ડર બાઈક લઈને ઉભા રહેલા ધવલ રામાભાઈ જીવાભાઈ પટેલ (ઉં.૨૧, ધંધો-ખેતી, રહે.ચરાડા ગામ ગાયત્રી નગર પરામા તા. માણસા) ને પકડી પાડયો હતો. પોલીસે યુવક પાસે બાઈકના આધાર પુરાવા માંગતા તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો.જયારે બાઈક પર નંબર પ્લેટ ન હોવાથી તેની તપાસ કરતા બાઈકનો રજીસ્ટ્રેશન નંબર જી.જે.૦૮.એમ.-૮૮૨૦ હોવાનું ધ્યાને આવ્યું હતું.જયારે બાઈકની ચોરી અંગે મહેસાણા બી ડિવીઝન પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. શખ્સની વધુ પુછતાછ કરતા આજ થી ચાર પાંચ વર્ષ અગાઉ તે મહેસાણા ગયો હતો. તે સમયે મહેસાણા રાધનપુર ચોકડી નજીક એક વ્યકિત હીરો હોન્ડા બાઈક લઈને ઉભો હતો. તે ભાઈને રૂપીયાની જરુર હોવાથી રૂ.૬ હજાર માં આપ્યું હોવાનું જણાવ્યું હતું. જયારે પોલીસે બાઈકની કિં.૧૫ હજાર ગણી કબ્જે કરી શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



બજરંગદળ સેવા સપ્તાહની ઉજવણીના ભાગરુપે સોમવારના રોજ સેકટર-૪ શોંપીગ સેન્ટર પાછળ વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે બજરંગદળના કાર્યકરોએ ખુલ્લા મેદાનમાં ૧૫ જેટલા વિવિધ પ્રકારના રોપાઓનું વાવેતર કર્યું હતું.

## વરસાદ માટે હજુ ૧૦ દિવસ રાહ જોવી પડશે : હવામાન વિભાગ

અમદાવાદ, તા.૨૮

છેલ્લા થોડા દિવસમાં રાજયના વિવિધ ભાગમાં મેઘરાજાએ મહેર કરતાં ઠંકડ પ્રસરી હતી. જોકે, હવે ફરીથી ઉકળાટ અને અસહ્ય ગરમીના દિવસો પાછા આવ્યા છે. હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતમાં આગામી દિવસોમાં ભારે વરસાદની સંભાવના નહિવત્ છે. વરસાદી સિસ્ટમ સક્રિય ના થતાં ભારે વરસાદની સંભાવના નહિવત્ હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. જુલાઈના બીજા અઠવાડિયા બાદ સિસ્ટમ સક્રિય થાય અને સારો વરસાદ આવે તેવી વકી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. ગુજરાતમાં આગામી બે અઠવાડિયા સુધી વરસાદની સંભાવના નહિવત્ દેખાઈ રહી છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી આઠ-દસ દિવસ સુધી વરસાદ વિરામ લેશે. ૨૯ જૂન પછી મેઘરાજા લાંબો વિરામ લે તેવી સંભાવના છે. પૂર્વોત્તર ભારતમાં ભારે વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. આમ, લાંબા ગાળાના વરસાદના વિરામથી ખેતીના પાકને અસર પહોંચી શકે છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, હવે રાજ્યમાં આગામી દોઢથી બે સપ્તાહ સુધી ભારે વરસાદની કોઈ શક્યતા નથી. હવામાન વિભાગે કહ્યું કે, જૂન મહિનામાં ગુજરાતમાં સારો વરસાગ થયો છે. હવે દોઢ સપ્તાહ સુધી ગુજરાતમાં વરસાદની કોઈ એક્ટિવ સિસ્ટમ નથી, જેથી ભારે વરસાદની સંભાવના નથી. રાજ્યમાં વરસાદી માહોલ બાદ તાપમાનનો પારો ઘટીને ૩૧ ડિગ્રી નીચે જતો રહ્યો હતો. જેના કારણે ગરમી જતી રહી હોય તેવો અનુભવ લોકોને થયો હતો.

જોકે, વરસાદે વિરામ લેતાં તાપમાનનો પારો સતત વધી રહ્યો છે. બીજી તરફ નૈઋત્ય દિશા તરફથી ભેજવાળા પવન ફૂંકાતા બફારાનું પ્રમાણ વધ્યું છે. આમ લોકો અસહ્ય ગરમી અને બફારાથી બેહાલ થયા છે. ત્યારે હજુ આગામી દિવસો દરમિયાન અસહ્ય ગરમી અને બફારો સહન કરવો પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. જોકે, જુલાઈના બીજા અઠવાડિયામાં ગરમી-બફારાથી રાહત મળશે.

## શ્રમજીવી પરિવારો માટે શ્રી વિનાયક ગ્લોબલ ફાઉન્ડેશનની ભોજન સેવા





વૈશ્વિક મહામારી કોરોનાનું સંક્રમણ હાલ ઓછું થતાં ધીરે ધીરે જનજીવન સામાન્ય થઈ રહ્યું છે, જો કે કોરોના મહામારીના પગલે રોજ કમાઈને રોજ ખાતા જરૂરીયાતમંદ વર્ગના શ્રમજીવી પરીવારોને હજુ પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ગાંધીનગરના શ્રી વિનાયક ગ્લોબલ ફાઉન્ડેશન દ્વારા આવા જરૂીયાતમંદ પરિવારોને મદદરૂપ થવાના આશયથી એક ટંકનું ભોજન અને બિસ્કિટ વિતરણની સેવા પૂરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના ડાયરેક્ટર અભય મેનન, દિનેશ મેનન તથા અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી વિનાયક ગ્લોબલ ફાઉન્ડેશન દ્વારા કોરોના કાળમાં લાંબા સમયથી શ્રમજીવી પરિવારોને વિવિધ સ્વરૂપે મદદરૂપ થવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# ચોમાસા પૂર્વે ખીલેલા શહેરના સૌંદર્યને મનભરીને માણતા શહેરીજનો

### અગાઉ વરસેલા કમોસમી વરસાદને પગલે ખીલી ઊઠેલી વનરાજીથી પ્રકૃતિપ્રેમી શહેરીજનો રોમાંચિત : કોરોના નિયંત્રણો હળવાં થતાં વનરાજીની મુલાકાત લઈને પોતાના મોબાઈલમાં સેલ્ફી સહિતની તસવીરો સોશિયલ મીડિયામાં અપલોડ કરવાનો ક્રેઝ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના બારણે ચોમાસાનું આગમન દસ્તક દઈ રહ્યું છે જેના પગલે શહેરમાં વરસાદ પૂર્વે જ આલ્હાદક માહોલ જોવા મળી રહ્યો છે. શહેરમાં અગાઉ વરસેલા કમોસમી વરસાદને પગલે અને સતત ભેજવાળા વાતાવરણને કારણે ચોતરફ લીલોતરી ખીલી ઊઠી હોવાથી કુદરતી સૌંદર્ય સોળે કળાએ નીખરી ઉઠ્યું છે. શહેરમાં ગ્રીષ્મનો ગરમાળો અને વૈશાખના વૈભવની સુંદરતા માણ્યા પછી પ્રકૃતિ પ્રેમી નાગરીકો હવે શહેરમાં વિવિધ સ્થળે વાદળછાયા વાતાવરણમાં વિકસેલી વનરાજીની મુલાકાત લઈને પોતાના મોબાઈલમાં સેલ્ફી સહિતની તસવીરો સોશિયલ મીડિયામાં અપલોડ કરવાનો આનંદ માણી રહ્યાં છે.

ગાંધીનગર એક મોટી સંખ્યામાં પ્રકૃતિપ્રેમીઓ ધરાવતું શહેર છે, આ શહેરની વનરાજી હંમેશા શહેરીજનોને તથા



બહારથી આવતા મુલાકાતીઓને આકર્ષતી આવ્યું છે. પંદરેક દિવસ અગાઉ વરસેલા કમોસમી વરસાદને પગલે શહેરમાં ચોમાસા પહેલાં જ આલ્હાદક વરસાદી વાતાવરણ જામી જતાં પ્રકૃતિ પ્રેમીઓની પ્રસન્નતાનો પાર રહ્યો નથી. શહેરના મુખ્ય માર્ગોની આસપાસ તથા સેન્ટ્રલ વર્જ વિસ્તારમાં પણ લીલાછમ ઘાસ અને વિવિધ વનસ્પતિ ઊગી નીકળવા સાથે શહેરનાં વૃક્ષો પણ જાણે નવપલ્લવિત થઈ ઉઠ્યા છે જેના કારણે શહેરનું કુદરતી સૌંદર્ય અત્યારે પુરબહારમાં ખીલેલું જોવા મળી રહ્યું છે. વળી આ સમયે છેલ્લા એક સપ્તાહથી શહેરમાં સતત વાદળછાયું વાતાવરણ અને ક્યાંક ક્યાંક સવારે ભેજ સાથે છૂટાછવાયા વરસાદી છાંટા પડવાને કારણે લીલોતરી સતત વધી રહી છે. ભરપૂર આઝાદી સાથે ખીલી ઉઠેલા શહેરના સૌન્દર્યને પ્રકૃતિપ્રેમી શહેરીજનો મનભરીને માણી રહ્યાં છે. કોરોના લોકડાઉનના નિયંત્રણો હળવા થઈ જતાં હવે શહેરીજનો શહેરના વિવિધ વિસ્તારોમાં ખીલેલી વનરાજીની મિત્રો અથવા પરિવારજનો સાથે મુલાકાત લઈ તસવીરો પડાવી તેમજ સેલ્ફી લઈ તેને સોશિયલ મીડિયા પર અપલોડ કરી વાહવાહી મેળવવાનો આનંદ લૂંટી રહ્યાં છે. આ સાથે શહેરીજનોમાં વૃક્ષારોપણ કરી તેની તસ્વીરો પણ સોશિયલ મીડિયામાં અપલોડ કરવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે.

**કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા**

**જાહેર નિવિદા નં.૦૫/૨૦૨૧-૨૨**

કાર્યપાલક ઈજનેરશ્રી અરવલ્લી પંચાયત મામ.મ. વિભાગ મોડાસા (ફોન નં. ૦૨૭૭૪-૨૫૦૦૨૦) દ્વારા નવીન આંગણવાડી મકાનના બાંધકામના કામો, નવીન ગ્રામ પંચાયત તથા નવીન રસ્તો જેની અંદાજીત રકમ રૂ. ૬.૪૧ લાખથી રૂ. ૪૮.૮૨ લાખ થવા જાય છે. જે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડર માંગવામાં આવે છે. જે વેબસાઈટ http:/rnp.nprocure.com ઉપર તા. ૩૦/૬/૨૦૨૧ થી તા. ૧૫/૭/૨૦૨૧ સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

નામાનિ/હિંમત/૧૬૯/૨૦૨૧